# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કેમ ઝાંખો પ્રકાશ લાગે છે ?
પાંપણોમાં ભીનાશ લાગે છે

રોજ લંબાતી આ સફર જોઇ
કેડીઓ ખુદ હતાશ લાગે છે

યાદ વાગોળતો હતો મીઠી
આજ એમાં ખટાશ લાગે છે

રંગ ઝાંખા થતાં ગયા કાયમ
પોતમાં કંઈ કચાશ લાગે છે

- મયંક ઓઝા

## પાથેય

- રમેશ ઠક્કર

### લંબાતી સફર...

કવિની આંખમાં કુતુહલ હોય છે.એ નથી તો માણસ સર્જક ના હોઈ શકે.લખનાર હંમેશા લાગણીથી તરબતર હોય છે.એના મનમાં સતત કશું જાણવાની તાલાવેલી ?ચાલતી રહે છે.એની ભીતર એક અજંપો સતત ચાલતો રહે છે.એટલે એ જે પ્રશ્નો કરે છે.એમાં કશુંક રહસ્ય છુપાયેલું છે.એ કહે છે કે આંખોમાં ભીનાશ કેમ લાગે છે ? એની પાછળ ચોક્કસ કોઈ કારણ રહેલું હોય છે.પાપણો જ્યારે ભીની થાય છે ત્યારે જગતમાં રહેલો પ્રકાશ આપણને ઝાંખો લાગે છે. આ ભ્રમનિરસન કવિ માટે વિસ્મય બની જાય છે.. એના શબ્દોની સજાવટ બની જાય છે.એના સર્જનને નીખાર આપી જાય છે.

દરેક ક્રિયાનો કોઈને કોઈ એક મુકામ હોય છે.જો કોઈ ગીત હોય તો ?એનો આલાપ હોય. સફરનો કોઈને કોઈ મુકામ હોય છે.આવું ના હોય તો અવિરતપણે ચાલતા રહેવાનો કોઈ અર્થ રહેતો નથી.એકધારૂ જીવન સ્થગિતતા તરફ ખેંચાય એ સ્વાભાવિક છે.રોજ નવી નવી કેડી ઉપર લંબાતી સફર કઠોર બની જાય છે.માણસ કોઈને કોઈ ધ્યેય સાથે કે કોઈને કોઈ ઉદ્દેશ સાથે કર્મ કરતો રહે છે. એનો અર્થ એવો નથી કે નિજાનંદ જેવી કોઈ વસ્તુ હોતી નથી ! લંબાતી સફર ઘણીવાર નિરાશા ફેલાવે છે.માણસ પોતે ગુંચવાય છે.એટલે જ એની સામે જે કેડીઓ પથરાયેલી છે એ પણ જાણે હતાશ થઈ જતી હોય એવો માહોલ રચાય છે.!

સુખદ સમયને યાદ કરી જીવવાનો એક આનંદ હોય છે.માણસની જેમ જેમ ઉંમર થાય છે એમ એને પોતાનો ભૂતકાળ યાદ આવતો રહે છે. પોતે વિતાવેલી પળોને વાગોળવાનું એને ગમે છે.જે મીઠી યાદો છે એ સતત યાદ રાખે છે.જેમાં વિષાદ કે કડવાસ છે અથવા તો નિષ્ફળતા છે એવી ક્ષણોને ભૂલી જવાનો એનો અભિગમ? હોય છે.અતિતનો? આનંદ લેતો માણસ કોઈ સુખદ ખયાલોની દુનિયા રચતો રહે છે.એની એ મનોસ્થિતિમાં જ્યારે કોઈ એકાદ ખટાશભરી યાદ આવી જાય છે, ત્યારે એ ગમગીન થઈ જાય છે.એક ખટકો એને છેક સુધી લાગી જાય છે.

પોતાની વિફળતાઓ માટે માણસ હંમેશા અન્યને જવાબદાર ગણતો રહે છે. જો કોઈ વસ્તુ સીધી ઉતરે તો એની વારસાઈ માટે લાઈન લાગી જાય છે. કહેવાય છે કે સફળતાને સાત બાપ હોય છે નિષ્ફળતા કાયમ નોંધારી હોય છે ! કોઈ માણસ સિદ્ધિ મેળવે એટલે એની આસપાસ એને બિરદાવનારાઓની લાઈન લાગી જાય છે.જો કોઈ બાબતે નિષ્ફળ જાય તો એના વ્યક્તિત્વના રંગો ઝાંખા થતા જાય છે.આમ જોઈએ તો આ વ્યક્તિમાં પોતાની જ કોઈક કચાશ હોય છે.જેના કારણે એ વિફળતાનો સામનો કરે છે.જગત આ બાબતમાં બહુ જ ક્રૂર હોય છે.અહીં હંમેશાં ઉગતા સૂરજને જ માનપાન મળતાં રહે છે. સંધ્યાના રંગો કાયમ ગમગીન હોય છે. આથમતી સાંજનું સૌંદર્ય અંકિત કરે એવા કોઈ શબ્દો હાથવગા હોતા નથી.પરોઢના જે કિરણો ફૂટતાં હોય છે એના માટે જાતજાતના પ્રભાતિયાં અને ઊર્મિગીતો ચોતરફ ગવાતાં રહે છે.જગતનો આ અભિગમ કાયમી છે. યુગોયુગોથી માણસને એ અનુભવ થતો રહે છે.આમ છતાં જાણેઅજાણે આપણે પોતે પણ એ જ ધોરણે વર્તન કરતા રહીએ છીએ...!

# ભગવાન દત્તાત્રેય જયંતિ



પ્રસંગસર
વિષ્ણુભાઈ વૈષ્ણવ

આજે દત્ત જયંતિ, મૃગશીર્ષ નક્ષત્રમાં આજે ભગવાન દત્તાત્રેયનો જન્મ થયો હતો. હિન્દુ ધર્મમાં ભગવાન દત્તાત્રેયને ત્રિવેદ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું એકરુપ માનવમાં આવે છે. ધર્મ ગ્રંથ મુજબ શ્રી દત્તાત્રેય ભગવાન વિષ્ણુના છઠ્ઠો અવતાર છે. આ જન્મ બ્રહ્મચારી અને અવધૂત રહસ્ય તેથી તેઓ સર્વવ્યાપી કહેવાયા. જેથી ત્રણેય ઈશ્વરીય શક્તિઓમાંથી સમાહિત ભગવાન દત્તાત્રેયની આરાધના ખૂબ જ સફળતા અને શુભ ફળ આપનારી માનવામાં આવે છે. મન, કર્મ અને વાણીથી કરવામાં આવેલી તેમની ઉપાસના ભક્તને દરેક મુશ્કેલીમાંથી મુક્તિ આપે છે. હિંદુ ધર્મ અનુસાર ભગવાન દત્તાત્રેય માર્ગશીર્ષ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે પ્રગટ થયા હતા. એવું માનવામાં આવે છે. સ્વરુપની પૂજા કરવાથી મનુષ્યની તમામ મનોકામના પૂર્ણ થાય છે. ભગવાન દત્તાત્રેય નાથ સંપ્રદાયના ઈષ્ટદેવ છે. શૈવ સંપ્રદાયના ભક્તો તેમને શિવનું સ્વરુપ માને છે. જયારે વૈષ્ણવ લોકો તેમને ભગવાન વિષ્ણુનો અવતાર માને છે. તાંત્રિકો અનુસાર દત્તાત્રેય ભગવાન બ્રહ્મા વિષ્ણુ અને શિવના સંયુક્ત અવતાર છે. પુરાણોમાં કથા છે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ મહાસતી અનસુયાના સતીત્વની કસોટી કરવા અત્રિ ઋષિના આશ્રમમાં આવ્યા. તેઓએ અનસુયાને નિર્વસ્ત્ર અવસ્થામાં ભિક્ષા આપવા જણાવ્યું. પતિવ્રતા સ્ત્રી માટે આ મુશ્કેલ હતું અને ભિક્ષા ન આપે તો અતિથિ સત્કારવામાં ઉણપ રહેતી હતી. મહાસતી અનસુયાએ પોતાના તપ અને સતીત્વના પ્રભાવથી ત્રણે દેવોના નાના સ્વરુપ કર્યા. દેવો શરમાયા. દેવપત્નીની વિનંતી બાદ પતિઓને મૂળ સ્વરુપમાં પાછા સોંપ્યા. દેવોએ માને આશીર્વાદ આયા કે તેં અમને બાળસ્વરુપ આપ્યું. તું અમારી મા બની તે હવે અમે ત્રણે સંયુક્ત રીતે તારી કૂખો જન્મ લેશું. દેવોના આશીર્વાદથી તેમના સંયુક્ત રીતે અંશરુપ જન્મેલું બાળક તે જ દત્ત.

અત્રિના સંતાન તરીકે તે આત્રેયદત્ત એટલે કે દત્તાત્રેય કહેવાયા. દતનું સ્વરુપ છે. કોઈ પણ મહાન કાર્યને સાકારિત કરવાની ઝંખના રાખનાર કર્મવીર પાસે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સર્જક પોષક તેમજ સંહારક પ્રતિભા હોવી જોઈએ. નિત્ય નૂતન શક્તિ સંપત્તિ કે સદ્દવિચારનો અવિરત પ્રવાહ કાર્યમાં વહેતો ન હોય તો કાર્યોનું ઉત્કૃષ્ટ સર્જન ન ગણાય.

દત્તાત્રેયના હાથમાં કર્મકાંડ માળા શંખ અને તેમજ ત્રિશુલ અને ડમરું છે. આ છ પ્રતીકો પણ વિશિષ્ય અર્થસૂચક છે. કમંડળ અને માળા બ્રહ્માનાં છે. ચક્ર અને શંખ વિષ્ણુજીના છે. જયારે ત્રિશુળ અને ડમરું ભગવાન શિવજીનાં છે.

બ્રહ્મા સર્જનના દેવ છે. તેમના હાથમાં કમંડળ અને માળા છે. કમંડળમાં પાણી રહે એટલે જીવન અને પ્રાણવાન હોવું જોઈએ. પછી માનવ સર્જન ચિત્રકલા, શિલ્પસર્જન કે કોઈ પણ હોય, નિષ્પાણ અને નિસ્તેજ સર્જન નિરર્થક છે. શક્તિ, સંપત્તિ અને સમયનો બગાડ જ છે. વિષ્ણુ એ પોષણ કરનાર પાલક દેવતા છે. તેમના હાથમાં શંખ અને ચક્ર છે. શંખ ધ્વનિ પ્રેરક છે અને ચક્ર ગતિસૂચક છે. કાર્યનું પાલન કરવા ઈચ્છનાર કાર્યપ્રમુખ સમગ્ર કાર્યક્ષેત્રમાં ચક્રની માફક ફરતાં રહેવો જોઈએ. શંખની માફક તેજસ્વી ઉદ્દઘોષ કરનાર ઉત્સાહક જોઈએ. સમાજમાં પણ પ્રજાપાલક રાજા તેમજ સંસ્કાર પોષક બ્રાહ્મણ ચક્રની જેમ ફરતા રહે તો જ પૂજાય.

શિવજીએ સંહારના દેવ છે તેમના હાથમાં ત્રિશૂળ છે અને ડમરું છે. ત્રિશુલ એ સંહારનું પ્રતિક છે. જયારે ડમરું સંગીતનું પ્રતિક છે. સંહાર અને સંગીતને સાથે રાખનાર દેવ મહાદેવ ગણાય. સંહાર મૃત્યુ એ ભયંકર ઘટના નથી. એ સમજવા શિવજી સ્મશાનમાં રહ્યા મૃત્યુ એટલે જીવનું શિવને મળવું. આવી અનોખી પ્રતિભા ધરાવનાર દત્તે જીવનમાં અનેક લોકોને ગુરુ તરીકે સ્થાપ્યા. દત્તાત્રેય જયંતિ પર નીચે મુજબ ઉપાસના કરવાથી સફળતા મળશે.

જો તમે તમારા જીવનમાં ખૂબ જ પરેશાન છો અને તમારી સમસ્યા દૂર નથી થઈ રહી. તો તમે આખા દિવસ કોઈ પણ સમયે આ ઉપાયો કરી શકો છો. આ ઉપાયો કરવાથી તમે તમારા દુઃખાવામાં રાહત અનુભવશો અન તમારી સમસ્યા ખતમ થઈ જશે.

॥ દિગમ્બરાય વિદ્મયે યોગીશ્રય શ્રીમહિ તન્નો દત્તઃ પ્રચોદયાત્ ॥

સ્નાન વગેરેમાંથી નિવૃત્ત થયા પછી સ્વચ્છ અને ધોયેલા કપડાં પહેરો અને તમારા ઘર અથવા શિવ મંદિરના પૂજા રુમાં જઈ આસન ગ્રહણ કરવું. ગણેશજી સાથે ઈષ્ટ દેવતા ગુરુદેવ અને ભગવાન શિવ અને માતા પાર્વતીનું ધ્યાન ધરો. પછી દત્તાત્રેય ગાયત્રી મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો. પૂજા કરવી. પશુ પક્ષીઓને દાન ધર્મ કરવા.

ભગવાન દત્તાત્રેય અનેક ગુરુ કર્યા તે તેમની અજોડ નમ્રતા છે. સ્વમત્તાગ્રહીને બદલે ગુણગ્રાહી બનેલો માણસ અનંત લોકોના અનુભવોને આત્મસાત કરીન મહાન કાર્ય ઊભું કરી શકે.મહાનતા અને નમ્રતાના શુભગમ સંમેલન સ્વરુપ ભગવાન દત્તને અનંત પ્રમાણ.

Mo.9824647735
vishnu.vaishnav239@gmail.com

# દશ્યમ-૨ : રહસ્યનું વધુ ઘેરું રહસ્ય



મન-રંજન
ધ્વનિલ પારેખ

અજય દેવગણ અતિભીન 'દશ્યમ-૨' રહસ્ય ફિલ્મ તરીકે લાંબા સમય સુધી યાદ રહે એવી ફિલ્મ હતી. એનો બીજો ભાગ આવશે કે કેમ ? અને એનો બીજો ભાગ આવ્યો ત્યારે એની ઈત્તેજારી રહી હતી કે એ કયારે જોવા મળશે?દશ્યમ-૨ પણ એ જ પ્રકારની રહસ્યકથા છે. એમ કહેવાને બદલે એમ કહીએ કે ભાગ-૧ આગળ વધે છે અને ભાગ-૨ શરુ થાય છે.

સાત વર્ષ પછી કેસ પરી રીઓપન કરવામાં આવે છે. તરુણ (અક્ષય ખન્ના) ગોવાના નવા પોલીસ અધિકારીની હાજરીમાં કેસની તપાસ શરુ થાય છે. અજય દેવગણના કુટુંબને એ રીતે હેરાન કરવામાં આવે છે, કે અજય દેવગણે હત્યા કરીને લાશ સંતાડી દેવાનો ગુનો કબૂલી લે છે. હવે, નાયક ગુનો કબૂલી લે અને જેલમાં જાય તો ફિલ્મનું શું થાય ? અજય દેવગણ જે રીતે પોલીસ સ્ટેશનમાં ગુમો કબૂલી લે છે એથી વિરુદ્ધ અદાલતમાં એ ચોખ્ખી ના પાડે છે અને ફિલ્મની અંતિમ વીસ મિનિટ એકદમ દિલધડક અને ઉપરાછાપરી વળાંકથી સભર છે અને ફરી એકવાર વિજય સલગાંવકર (અજય દેવગણ) નિર્દોષ સાબિત થાય છે.

અભિષેક પાઠક આ ફિલ્મના દિગ્દર્શક છે અને રહસ્ય અંતિમ વીસ મિનિટોમાં અપેક્ષા બહારનું પ્રગટ થાય છે. શરુઆતની પિસ્તાલીસ મિનિટ એમ લાગે છે કે સમસ પસાર થઈ રહ્યો છે, કંટાળાજનક લાગે છે.બ્રિગ્રેન્ઝા દંપત્તિના ઝઘડા અને એક ખૂનીનો અજય દેવગણ પર પડેલી નજરથી વિશેષ કશું બનતું નથી.

હિન્દી સિનેમાને પ્રણયકથા, ગીતો, એકદન ધડક દશ્યો, જોરદાર સંવાદો વગર ચાલ્યું નથી. જોમાં પણ રહસ્ય ફિલ્મ હોય તો એમાં આ બધા જ મસાલા તત્ત્વો હાજર હોવાના. પણ 'દશ્યમ-૨'માં માત્ર એક જ ગીત છે. અને એકશન દશ્યો પણ નહીવત છે. છતાં આ ફિલ્મ એની કથાને કારણે જકડી રાખે છે. કથાને કારણે નહિ કે પટકથાને કારણે ફિલ્મની પટકથા હજી ચુસ્ત થઈ શકે એમ છે. પ્રથમ ભાગમાં એડિટિંગ શક્ય છે કે જે ફિલ્મની ગતિને થોડી ઝડપ આપે, પ્રથમ ભાગ જે રીતે એક પણ ક્ષણ નબળી પડ્યા વગરનો હતો, એવું બીજા ભાગમાં બનતું નથી. બીજા ભાગની અંતિમ ૨૦ મિનિટ ગતિશીલ છે. અને ફિલ્મ આખો યુટર્ન લે છે.

દક્ષિણ ભારત પરથી બેલી ફિલ્મ 'દશ્યમ' દક્ષિણ ભારતમાં પણ સુપરહીટ રહી હતી. મામૂલી જેવા અભિનેતાને કારણે પણ એ ફિલ્મ દક્ષિણમાં ખૂબ ચાલી હતી. 'દશ્યમ-૨' પણ એની કથાને કારણે જુદી પડતી ફિલ્મ છે. રહસ્ય ને એ વધારે ઘેરું રહસ્ય બનાવે છે.

# શ્વાસ લેનારા બધાં જીવતા છે એમ માનવાની જરૂર નથી, હૃદય એમનાં તપાસીએ અને મડદા નીકળે એમ પણ બને, હે મન તુ શીદ ને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય એમ કરે, કદાચ એવું ક્યારેય નહિ બને !



એમ પણ બને !
પારૂલ અમિત

આમ કર્યું ને એટલે આ ઘટના બની. જો આમ કર્યું હોત તો આ ના થયું હોત. ઘરની બહાર નીકળતા પહેલાં રોજ જમણો પગ બહાર મૂકતાં હોઈએ અને એક દિવસ ડાબો પગ પહેલાં મુકાઈ જાય અને કોઈક અજુગતી ઘટના ઘટે તો એ ડાબો પગ બહાર પહેલાના મુક્યો હોત તો આ ના બન્યું હોત એવી ફીલિંગ આવે. ક્રિકેટ ની ફાઈનલ ચાલતી હોય અને ભારત જીતવા આવ્યું હોય અને આપણે ઉભા થઈએ અને વિકેટ પડે અને ભારત એ મેચ હારી જાય તો એમ થાય કે હું ઉભો ના થયો હોત તો વિકેટનાં પડત અને ભારત જીતી જાત. આવી અથવા તો આના જેવી અનેક ઘટનાઓ બને છે જેને એકબીજા સાથે કોઈજ સીધો સંબંધ ના હોવા છતાં આપણે મોટાભાગની જીવનની ઘટનાઓ ને એકબીજા સાથે જોડીને જીવવા ટેવાઈ ગયા છીએ. કાગનું બેસવું ને ડાળનું પડવું હોય છે મોટા ભાગે. શનિવાર હોય અને કાળો શર્ટ પહેર્યો હોય અને ઓફિસ જવા નીકળીએ અને જો કદાચ એક્સિડન્ટ થાય તો મનમાં થાય આ કાળો શર્ટ શનિવારે ના પહેરાય આ પહેર્યો એટલે જ આ એક્સિડન્ટ થયો. પણ ભાઈ જો કાળો નહિ સફેદ કે કદાચ ના જ પહેર્યો હોત તો પણ એ એક્સીડંટ કદાચ થાત જ. કાળા શર્ટને ને શનિવાર ને કઈ લેવા દેવા નથી.

હું કે તમે જ આવાં અંધવિશ્વાસ માં છીએ એવું નથી. મોટા દિગ્ગજ ગણાતાં ક્રિકેટરો પણ પગના પેડ, મોજા, કે બુટ પહેલાં જમણા પગમાં જ પહેરે પછી ડબામાં અને જો એકાદવાર પહેલા ડાબા પગ માં પહેરે તો શૂન્ય રને આઉટ પણ થાય છે, એવી એમની માન્યતા છે. ક્રિકેટર ધોની ના મમ્મી ધોની બેટિંગ કરે ત્યારે પૂજા કરતા હોય છે એ લાઈવ મેચ નથી જોતા. એમને ડર છે કે ધોની આઉટ થઇ જશે જો એ એને રમતા જોવે તો. આ વિષય લેવા માટેનું કારણ એજ કે જાણતા અજાણતા આપણે મોટા ભાગે જીવની નાની મોટી બે ઘટનાઓ ને કે જેન કોઈ સંબંધ નથી તેને જોડી દેતા હોઈએ છીએ અને પછી જીવનમાં ડિપ્રેસન આવાનું શરુ થાય છે. કોઈ પણ પ્રકાર નો ડર મનુષ્યને આ રીતે વિચારવા પ્રેરે છે અને પછી આ પ્રકારની ઘટનાઓ ને જોડવાની પ્રક્રિયા શરુ થાય છે. જાણતા અજાણતા આપણે મોટા ભાગે જીવની નાની મોટી બે ઘટનાઓ ને કે જેને કોઈ સંબંધ નથી તેને જોડી દેતા હોઈએ છીએ અને પછી જીવનમાં ડિપ્રેસન આવવાનું શરુ થાય છે. કોઈ પણ પ્રકાર નો ડર મનુષ્યને આ રીતે વિચારવા પ્રેરે છે અને પછી આ પ્રકારની ઘટનાઓ ને જોડવાની પ્રક્રિયા શરુ થાય છે. આપણે કયા કારણે બે ઘટનાને જોડી દઈએ છીએ. એવું તો શું બને છે કે નાની નાની વાતો માં આપણે એમ કરતા થઈ જઈએ છીએ કે યાર આ ના કર્યું હોત તો આ ના થાત. આની પાછળનું મૂળભૂત કારણ કદાચ ડર અને આત્મવિશ્વાસનો અભાવ છે. મેં મંદિરની બહાર એવા ભક્ત જોયા છે જે મંદિરની અંદર નથી જતાં પણ બહારથી જ પ્રણામ કરે છે અને ત્યાંજ ૧૦ થી ૧૫ મિનિટ ઉભા રહીને જાત જાતની ક્રિયા કરતા હોય છે. એ અંદર જતા નથી એમનાં મનમાં અપરાધભાવ હોય છે જે તેમને મંદિરમાં અંદર જવા દેતો નથી ને મંદિર આગળ થી નીકળે તો પ્રણામ કર્યા વગર આગળ વધવા દેતો નથી. આ એક પ્રકારનાં ડર ના કારણે થતું હોય છે અને દૈનિક કાર્યમાં પણ ઘણાં લોકો અમુક કાર્ય અમુક રીતે જ કરે. દાખલ તરીકે, સીડી ચડીએ કે ઉતરીએ જમણો પગ પહેલા મુકવો. ઘરે થી નીકળીએ તો સામે ગાય આવે એની રાહ જોઈ ને પછી નીકળવું. બિલાડી આડી ઉતરે તો મેં ઘણા ને પાછા વળી જતા જોયા છે. અરે ભાઈ બિલાડી પણ તમારી જેમ જ કયાંક જઈ રહી હતી. એને તમારા જવા સાથે અને અપશુકન સાથે ના જોડો. અરે મેં તો એક બેનના મોઢે એવું સાંભળ્યું કે અમારી વહુને દીકરી આવી, એ વોર્ડ માં જેટલી સ્ત્રીઓ હતી એ બધી ને દીકરા આવ્યા, અમારે દીકરી આવી કેમ કે અમે ૧૨ વાગે દવાખાનમાં આવેલા. એ સમયજ એવો હતો કે દીકરીજ આવે. બોલો હવે આમને શું સમજાવવું?

તમે જો આ પ્રમાણેના કર્યું હોત તો પણ જે બનવાનું હતું તે બનત જ. મન હંમેશા ભૂતકાળની ઘટનાઓ ને યાદ રાખીને વર્તમાનમાં જીવતા શીખવે છે બસ આજ કારણે આપણે બધા એ પ્રમાણે વર્તવાનું ચાલુ કરીએ છીએ. મન હંમેશા ભૂતકાળ કે ભવિષ્યમાં જીવે છે. એના કારણે વર્તમાનને જીવવાનું ચુકી જાય છે અથવા તો સાચી રીતે જીવી શકાતું નથી અને કોઈ ઘટના બને તો એને બીજી ઘટના સાથે તરત સાંકળી બેસે છે. મનની આ આદત ના કારણે આવા રિએકશન આવે છે. અને ભૂતકાળની ઘટનાને વર્તમાન સાથે જોડી દે છે. પણ એને સાચે જ કઈ લેવા દેવા જ નથી કે જે વસ્તુ અસ્તિત્વમાં જ નથી. આના કારણે માણસની ક્રિટિવિટી ઘટી જાય છે અને અટકી જાય છે. માટે જીવનને જેવું છે તેવું જ માણો. તમારા વિચારો એની સાથે જોડી ને એને દુઃખમય ના બનાવો. જે પણ થઈ રહ્યું છે કે થવાનું છે તેમાં મોટા ભાગે આપણે કઈ કરી શકતાં નથી. માટે જીવન છે તેવું અપનાવો અને વધુ સુંદર કઈ રીતે બનાવી શકાય તેના પ્રયત્ન કરો અને હંમેશા ખુશ રહો. એક વાત યાદ રાખો તમારા વિચારો તમારી જિંદગી બનાવે છે. આજે તમે કે હું જે પણ કઈ છીએ એ આપણાં વિચારોના લીધે જ છીએ. જરા વિચાર કરી જોજો આ વિચાર ઉપર.

Parul amit198@gmail.com
૭૨૦૧૦૦૧૪૮૨

# "Write -ટાઈમ વર્ચ્યુઅલમાંથી એક્ચ્યુઅલ બનતો એક સુંદર પ્રયાસ"



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

હમણાં જ મારા સહકોલમીસ્ટ શ્રી રમેશભાઈ ઠક્કરની કોલમનું શીર્ષક ચોટ કરી ગયું "સોશિયલ મીડિયાની સજાવટ એ કલા કે સાહિત્ય નથી!" આ વાક્ય એટલું ચોટ કરી ગયું કે હું વિચારતો થઈ ગયો. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને તેના જેવા અનેક સોશિયલ મીડિયાના માધ્યમથી અભિવ્યક્તિને આઝાદી તો મળી છે, પરંતુ સામે પક્ષે અવિચારીપણું પણ વધ્યું છે. ખેર, એ તો જેવી જેની સમજણનો વ્યાપ. પણ આ સમયે મને એક સુંદર અને ફેસબુક પર ટ્રેન્ડીંગ કરતી 'મહાન લેખિકા' સાંભરી આવે છે. એક લબ્ધપ્રતિષ્ઠીત સાહિત્યકાર સાથેનો એનો ડાયલોગ સાંભળવા જેવો છે. જ્યારે આ લેખીકાએ પોતે એક લેખક છે એવો પરીચય આપ્યો ત્યારે પેલા સાહિત્યકારે સહજ પુછ્યું કે 'તમે શું લખો છો અને તમારી રચનાઓ કયા સાહિત્યિક મેગેઝીન્સમાં પ્રગટ થાય છે ?' તો બહુ મજેદાર જવાબ સાંપડેલો કે 'સાહેબ, હું મારી કવિતા કે લેખ ફેસબુક પર મુકુ કે તરત લગભગ અરધા કલાકમાં જ પાંચસો લાઈક્સ આવી જાય છે!' પેલા જાણીતા સર્જક મહાશયને હજુય ફેસબુક લાઈક્સના દુઃસ્વપ્નો આવે છે !

ગાંધીનગર સમાચારની ટેગલાઈન છે ' પોઝિટિવ ન્યુઝ પ્રગટ કરતું છાપું' એટલે આપણે આજે સોશિયલ મીડિયાની ઝાકમઝોળ નકારાત્મકતાના સહારે પોઝિટિવ વાત કરવાની છે. લગભગ છ જેટલા વર્ષો પૂર્વે મારી પાસે એક ઈ-મેગેઝીન આવ્યું. નામ હતું "Write ટાઈમ". આહા . . . કેવું સરસ નામ. વાંચ્યુ તો ખબર પડી કે મારી માતૃકચેરી વિધાનસભાના જ બે જુવાનીયાઓએ આ મેગેઝીન શરુ કરેલું. સરકારી કચેરીઓની હુંસાતુસી, સરાકારી જી.આર.ની ચર્ચાઓના જંગમાંથી અન્ય દૂનિયામાં ડોકીયું કરનારા આ બે વિરલાઓના નામ છે નિસર્ગ મોડિયા અને નીરજ ગામિત. મને ખરેખર એટલો આનંદ થયો કે હું એમને સ્પેશ્યલ મળવા ગયેલો અને હળદર ન ભરવી પડે એવા પ્રકારે એમના વાંસા થાબડેલા ! મેં એમને કહેલું કે 'તમે આ જે સર્જનાત્મક પહેલ કરી છે તેને સદૈવ ચાલુ રાખજો. જેમ જેમ એમના ઈલેક્ટ્રોનિક અંકો વાંચતો ગયો તેમ તેમ મને તેમાં લખનારાઓનું કદ સમજાયું. મજાની વાત તો એ હતી કે "Write ટાઈમ"માં લખનારા મોટા ભાગના યુવા-યુવતીઓ સચિવાલયના જ કર્મચારી અધિકારીઓ જ હતાં.

● ત્યાર બાદ આ બન્ને જવાનીયાઓ સાથે આત્મીયતા વધી અને સમયાંતરે મારી અગાઉ પ્રગટ થયેલી વાર્તાઓ પણ એમણે મેગેઝીનમાં સમાવેલી. એ વાર્તાઓ સિવાયનો સર્પો પ્રત્યેનો મારો દષ્ટિકોણ દર્શાવતો મારો એક સુદીર્ઘ લેક પણ છપાયેલો. આજે પાંચ વર્ષની ઇલેક્ટ્રોનિક જીંદગી બાદ "Write ટાઈમ" એ માત્ર ગાંધીનગર જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતના યુવાનોમાં જાણીતું છે. આ બન્ને યુવાનો માત્ર સારા સંપાદકો જ નથી, પરંતુ સારા લેખક પણ છે. ભાઈ નિસર્ગ તો દિલના અવાજને અનુસરીને માત્ર નિજાનંદ માટે વાંસળી વગાડીને કૃષ્ણતત્વને જીવતું રાખી રહ્યો છે. નીરજભાઈની વાત કરું તો નીરજભાઈની લેખો લખવાની સાથે સાથે નિબંધ લખવાની પણ સારી એવી હથોટી છે. એક વાર વિધાનસભાની કેન્ટીનમાં હું અચાનક જઈ ચડ્યો તો નિસર્ગ અને નીરજભાઈની સાથે બીજા થોડા યુવાનો હસી મજાકના વાતવરણમાં ગંભીરતાપૂર્વક ચર્ચાઓ કરી રહેલા. પછી એમણે મને જણાવ્યું કે પાંચ વર્ષના સતત લેખન અને પ્રકાશન બાદ તેઓ આ પાંચ વર્ષના સરવૈયા રૂપે તેમાંથી તારવેલા 'ધ બેસ્ટ ઓફ Write ટાઈમ' નામનું પુસ્તક પ્રકાશિત કરવા પ્રતિબદ્ધતાપૂર્વક વિચારી રહ્યા છે. અને એ પુસ્તક માટે તેમણે લગભગ ૩૬ જેટલા લેખો તારવ્યા હતા.

આજે યુવાનોમાં ગમે તેમ કરીને લેખક બનવાનો અને પુસ્તક પ્રકાશિત કરવાનો ક્રેઝ વધતો જાય છે તેની સાથે જ સ્વ-ખર્ચે પ્રકાશન પણ ખુબ વધ્યા છે. મને આ લોકોની ચિંતા એ થઈ કે આ જમાનામાં આ છોકરા પુસ્તક પ્રકાશન અંગે વિચારી રહ્યા છે તો તેમને પુસ્તક પ્રકાશનની કડવી વાસ્તવિકતાઓથી પરીચિત કરાવવા પડશે. મે એમને પુસ્તક પ્રકાશનની જટીલતાઓથી અવગત કરાવ્યા, અને સહકારી ધોરણે પુસ્તક પ્રકાશન કરવું તેવી તૈયારી સાથે આ બંને યુવાનોએ સુરતના સ્પર્શ પ્રકાશના ગૃહનો સંપર્ક કર્યો. ત્યાર બાદ જે બન્યું એને એક ચમત્કાર કહી શકાય. સ્પર્શ પ્રકાશને આ પુસ્તક માટેનું મેટર જોઈને આ પુસ્તકને પરંપરાગત પ્રકાશન હેઠળ એટલે કે પ્રકાશક પોતાને પૈસે આ પુસ્તક પ્રગટ કરવાની જાહેરાત કરી.

આ પુસ્તકમાં સમાવિષ્ટ લેખોમાં જ્ઞાન-વિજ્ઞાન, પર્યાવરણ, મંથન અને ચિંતનાત્મક એમ તમામ પ્રકારના લેખો મળી આવે છે. કહેવાય છે કે આજના જમાનો માહિતીનો જમાનો છે. અને થોડી આગળ વધીને વાત કરીએ તો ઈન્ટરનેટના આ યુગમાં માહિતીની ઉપલબ્ધતાની કોઈ ખોટ નથી. પરંતુ સમજવા જેવી એ બાબત છે કે માહિતી એ જ્ઞાન તરફનું પ્રથમ પગલું માત્ર છે. માહિતી હોવાથી કે પછી માહિતીનો સંચય હોવાથી જ્ઞાની બની જવાતું નથી, પરંતુ, આ માહિતીનો વાસ્તવિક દૂનિયાના ડહાપણ અને તેના અમલ સાથે જ્યારે વિનિયોગ થાય ત્યારે તે માહિતી જ્ઞાનના વિસ્ફોટ તરફ દોરી જવાનું માધ્યમ બને છે. ભાઈ નિસર્ગ અને નિરજે પાંચ વર્ષના અથાગ મહેનત, પરિશ્રમ અને ધીરજથી આરંભેલો જ્ઞાનયજ્ઞ આજે વર્ચ્યુઅલમાંથી એક્ચ્યુઅલ બન્યો છે. હણહણાતાં ઘોડાની જેમ "લેખક" બની જવાની આંધળી દોડ લગાવતા યુવકોએ આ બંને યુવાનો પાસેથી જો કાંઈ શીખવાનું હોય તો તે એ છે કે "સાહિત્ય અને સર્જન ધીરજ માંગી લેતી વાત છે." ભાઈ નિસર્ગ મોડિયા અને નીરજ ગામિતને સરકારી ફાઈલોની વચ્ચે પણ જીવંત રહેવા બદલ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

હેન્ડબ્રેક :
"માહિતીનો સંચય બંધિયાર જળ સમાન છે,
જ્યારે તેનું ઊર્ધ્વગમન જ્ઞાનનું ઝરણું બને છે."
- ધ.ત્રિ.

૯૯૭૮૪૦૫૯૬૭